# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-03-2024** **Midday : 2.30 to 2.35**

**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર યશવી મહેતા વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## EC - CVIGIL APP

**ચૂંટણી પંચ cVigil એપ દ્વારા ચૂંટણી પ્રક્રિયા પર ચાંપતી નજર રાખી રહ્યું છે. આ એપ દ્વારા આદર્શ આચાર સંહિતાના ભંગ અંગેની ઓનલાઈન ફરિયાદો, ફોટા, વીડિયો વગેરે સીધું ચુંટણી પંચને મોકલી શકાશે.**

**મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે જણાવ્યું હતું કે cVigil નાગરિકોને આદર્શ આચાર સંહિતા ભંગની જાણ કરવા અને 100 મિનિટની અંદર પગલાં લેવાની ખાતરી આપે છે.**

**cVIGIL એપ એ યુઝર-ફ્રેન્ડલી અને ઓપરેટ કરવામાં સરળ એપ્લિકેશન છે, જે જાગ્રત નાગરિકોને જિલ્લા કંટ્રોલ રૂમ, રિટર્નિંગ ઓફિસર અને ફ્લાઈંગ સ્કવોડ્સની ટીમો સાથે જોડે છે. આ એપનો ઉપયોગ કરીને નાગરિકો રાજકીય ગેરવર્તણૂકની ઘટનાઓ ઘરે બેઠાં રિટર્નિંગ ઓફિસરને જણાવી શકે છે. સીવિજીલ એપ પર ફરિયાદ મોકલતાની સાથે જ ફરિયાદીને એક ID પ્રાપ્ત થશે જેના દ્વારા મોબાઈલ પર ફરિયાદને ટ્રેક કરી શકાશે.**

## elections

રાજય વિધાનસભાની આગામી સમયમાં યોજાનારી પેટાચૂંટણી માટે ભાજપે તેના ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. જેમાં વિજાપુર બેઠક પરથી ડૉ.ચતુરસિંહ ચાવડા, પોરબંદર બેઠક પરથી અર્જુનભાઇ મોઢવાડિયા, માણાવદર બેઠક પરથી અરવિંદ લાડાણી, ખંભાત પરથી ચિરાગ પટેલ અને વાઘોડિયા બેઠક પરથી ધર્મેન્દ્રસિંહ વાઘેલા ચુંટણી લડશે.

## hospital mou

મહેસાણામાં ચૂંટણીમાં ફરજ પર રોકાયેલા કર્મચારી જરૂર પડયે કેશલેસ સારવાર લઈ શકે તે માટે મહેસાણા સિવિલ હોસ્પિટલ તેમજ વિસનગર અને વિજાપુરની બે ખાનગી હોસ્પિટલ વચ્ચે કરાર કરવામાં આવ્યાં છે. અમારા મહેસાણા જિલ્લાના પ્રતિનિધિ જયંતી ચૌધરીના જણાવ્યા અનુસાર લોકસભા બેઠકની ચૂંટણીમાં

જિલ્લાના 8 હજાર થી વધુ કર્મચારીઓ ફરજ બજાવશે ત્યારે ચૂંટણીમાં ફરજ પર રોકાયેલા ઇજાગ્રસ્ત કે પછી આકસ્મિક બીમાર કર્મચારીને કેશલેસ સારવાર સરકારી સહિત ખાનગી હોસ્પિટલમાં મળી રહે તે માટે આ કરાર કરવામાં આવ્યો છે.

## patan - dhuleti

પાટણના રાજપુર ગામમાં ધૂળેટીના પર્વ નિમિત્તે પરંપરાગત રીતે હાથિયા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પર્વમાં  સજાવેલા ટ્રેક્ટરમાં હાથિયાઓ કાઢવામાં આવ્યા હતા. બ્રહ્માણી માતાજીનો હાથિયો છેલ્લા 435 વર્ષથી બળદની ચાર જોડથી ગાડામાં નીકળતો હતો. પરંતુ સમય જતાં બળદની જગ્યા ટ્રેક્ટરે લીધી છે. તો બળદોના અભાવના કારણે હાથિયો છેલ્લા 15 વર્ષથી ચાર ટ્રેક્ટરમાં કાઢવામાં આવે છે. લેઉવા પાટીદાર, ઠાકોર, સહિત 3000ની વસતી ધરાવતાં ગામમાં 450 વર્ષ અગાઉ બ્રહ્માણી માતાના મંદિરની સ્થાપના કરાઇ હતી. ત્યારથી દર ધૂળેટીએ ગામ લોકો પરંપરાગત ધાર્મિક ઉત્સવ ઊજવે છે.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકીના જણાવ્યા અનુસાર આ ગામમાં પરંપરા અનુસાર ધૂળેટીના દિવસે રાવણ દહનનો કાર્યક્રમ પણ યોજાયો હતો.

અમારા છોટાઉદેપુરના પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, છોટાઉદેપુરમાં હોળી બાદ ભરાતા મેળામાં ગેરૈયાઓએ ભારે આકર્ષણ જમાવ્યું છે. ધૂળેટીની રાત્રિથી જ ગેરૈયાઓ 5 પ્રકારના રૂપ ધારણ કરીને અનાજ ઉઘરાવે છે. મુશ્કેલીના સમયમાં પણ ભેગું કરેલું અનાજ કે નાણાં સરખે હિસ્સે વહેંચવાની માન્યતા છે.

## train LHB coach

ભાવનગર ડિવિઝનમાંથી ચાલતી પોરબંદર-કોચ્ચુવેલી સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેનમાં LHB કોચ લગાવવામાં આવશે. અમારા ભાવનગરના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદીના જણાવ્યા અનુસાર પોરબંદર-કોચ્ચુવેલી સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેનમાં

ગુરુવારથી અને કોચ્ચુવેલી-પોરબંદર સાપ્તાહિક સુપરફાસ્ટ ટ્રેનમાં રવિવારથી એલએચબી કોચ લગાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ટ્રેનોમાં, વાદળી રંગના કોચને ICF અને લાલ રંગના કોચને LHB કહેવામા આવે છે. એલએચબી કોચ સલામતી, ગતિ ક્ષમતા, આરામ વગેરેની દ્રષ્ટિએ ICF કોચ કરતાં વધુ સારા છે. એલએચબી કોચમાં હાઇડ્રોલિક સસ્પેન્શનનો ઉપયોગ થાય છે, જે મુસાફરીને વધુ આરામદાયક બનાવે છે

## MORBI AYURVEDIC HOSPITAL

મોરબીમાં નવી કેન્સર આયુર્વેદિક હોસ્પિટલ શરૂ કરવામાં આવી છે. વિનામૂલ્યે સારવાર આપતી આ હોસ્પિટલમાં આયુર્વેદિક સારવાર, દવા, રહેવા – જમવાની તમામ વ્યવસ્થા નિઃશુલ્ક આપવામાં આવશે. આયુર્વેદિક હોસ્પિટલનો હેલ્પલાઇન નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે.

## Degree Engineering Online

ડિગ્રી ઇજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની ઓનલાઇન નોંધણી પ્રક્રિયાનો બીજી એપ્રિલથી પ્રારંભ થશે.

ઉલ્લેખનીય છે કે, દર વર્ષે ડિગ્રી ઇજનેરી અભ્યાસક્રમોમાં પ્રવેશ પ્રક્રિયા ને કે જૂનમાં શરૂ કરાતી હોય છે. પરંતુ આ વર્ષે એપ્રિલમાં જ નોંધણી પ્રક્રિયા શરૂ કરાશે. જે મુજબ ગુજકેટ પુરી થયાના એક દિવસ બાદ એટલે કે, બીજી એપ્રિલથી ઓનલાઇન નોંધણી શરૂ થશે. જે 15 મે સુધી ચાલશે 13 જુને પ્રથમ રાઉન્ડની બેઠક ફાળવણી થશે. 20મી જૂનથી શૈક્ષણિક સત્ર શરૂ થશે.

## MockDrill

રાજ્યમાં દરિયાઈ સુરક્ષાને ધ્યાનમાં રાખી વર્ષમાં બે વખત `સ્મોલર ડિસ્ટ્રીક્ટ લેવલ કોસ્ટલ મોકડ્રીલ'નું આયોજન કરવામાં આવે છે. જે અંતર્ગત કચ્છમાં

પોલીસ અધીક્ષક મહેન્દ્ર બગડિયાની સૂચનાથી જિલ્લામાં કાર્યરત કેન્દ્ર તથા રાજ્યની સુરક્ષા એજન્સીઓ સાથે સંકલનમાં એક મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મોકડ્રીલમાં કચ્છના જખૌના દરિયાઈ વિસ્તારમાંથી આતંકવાદીઓ ઘૂસી આવ્યાની બાતમીના પગલે સુરક્ષા એજન્સીઓએ આતંકવાદીઓને પકડી તેઓના હુમલાને નિષ્ફળ બનાવ્યો હતો. રેડફોર્સના ડમી આતંકવાદીઓ દ્વારા આ મોકડ્રીલને સફળતાપૂર્વક પાર પડાઈ હતી.